

# ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ - સાતમું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –**

(ક) દરેક નાગરિકે સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા–શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.

(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૭ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.
પુનર્મુદ્રણ: ૨૦૨૧
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ સદસ્ય : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ.મધુ સંપટ
શ્રીમતી સ્મિતા દવે
શ્રી. ઇલેશકુમાર આર. ગાંધી

ગુજરાતી અભ્યાસજૂથ : સુશ્રી. ઇલા શુક્લ
શ્રીમતી ભગવતી એ. પંડ્યા
ડૉ. દિપ્તી શુક્લ
શ્રીમતી જનક દાવડા, નિમંત્રિત
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ : શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે -૪

ચિત્રાંકન અને મુખપૃષ્ઠ: શ્રી. સંજય પટેલ, મુંબઈ

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સંદીપ આજગાંવકર,
નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : ગુજરાતી વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪.

કાગળ : 70 GSM Creamwove

મુદ્રણાદેશ :N/PB/2021-22/

મુદ્રક :M/s

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઇ - ૨૫.

# પ્રસ્તાવના

જૂન-૨૦૧૭ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષમાં આપ સૌનું સ્વાગત છે. સાતમા ધોરણનું 'સાહિત્ય પરિચય'નું નવું પાઠ્યપુસ્તક તમારા હાથમાં મૂકતા ખૂબજ આનંદ થાય છે. આશા છે કે આ પાઠ્યપુસ્તક આપનું મિત્ર બની રહેશે.

આ પાઠ્યપુસ્તકમાં બોધાત્મક, ગુણાત્મક, જ્ઞાનાત્મક કૃતિઓ સાથે રાષ્ટ્રીયતાને પોષક, મૂલ્યનિષ્ઠ, એકાગ્રતાને કેળવે તેવી અને લાગણીસભર કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. પર્યાવરણ અંગે જાગૃતિ લાવે, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો વિકાસ થાય, બૌદ્ધિક વિકાસની સાથે પ્રવાસ અને માહિતીના જ્ઞાનમાં વૃદ્ધિ કરે અને દરેક ભાષિક કૌશલ્યોનો વિકાસ થાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ભાષિક સમજની ખૂબજ સરળ શબ્દોમાં રજૂઆત વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકશે. અહીં આપેલા પ્રકલ્પો વિદ્યાર્થીઓની સર્જનશક્તિ ખીલવશે 'કૃતિમાંથી શબ્દો શોધો', 'નિરીક્ષણ કરો', 'ચર્ચા કરો', અને વિચારશીલ સ્વાધ્યાયો વિદ્યાર્થીઓની આકલનશક્તિને વેગ આપશે.

આ પાઠ્યપુસ્તકના અધ્યયન પછી વર્ષના અંતે વિદ્યાર્થીઓ અપેક્ષિત ક્ષમતાઓ ચોક્કસ પ્રાપ્ત કરી શકશે તેવો વિશ્વાસ છે. શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ પુસ્તકને આવકારશે તેવી અપેક્ષા.

પુણે
તારીખ : ૨૮/૦૩/૨૦૧૭, ગુડી પડવો,
ભારતીય સૌર : ૭ ચૈત્ર ૧૯૩૯

ડૉ. સુનિલ મગર
(સંચાલક)
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક
નિર્મિતિ મંડળ, પુણે

શાસન નિર્ણય ક્રમાંક : અભ્યાસ-૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી-૪ દિનાંક ૨૫-૪-૨૦૧૬ અન્વયે સ્થપાયેલ સમન્વય સમિતિની દિ. ૩-૩-૨૦૧૭ રોજની બેઠકમાં આ પુસ્તક નિર્ધારિત કરવા માન્યતા આપવામાં આવી છે.

ગુજરાતી

# સાહિત્ય પરિચય

## ધોરણ - સાતમું

નામ: ____________________

____________________

શાળા: ____________________



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧૦૦૪.

9TVATY

તમારાં સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરનાં Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન – અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય–શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય .....................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ..............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદઢ કરે એવી ...............બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# અનુક્રમણિકા


| ક્રમ. | પાઠ/કવિતાનું નામ | લેખક/કવિનું નામ | પૃષ્ઠ ક્ર. | અપેક્ષિત પિરિયડ |
|---|---|---|---|---|
| ૧. | પ્રાર્થના | ચિત્રભાનુ | ૧ | ૭ |
| ૨. | ગૃહલક્ષ્મી | લોકકથા | ૫ | ૮ |
| ૩. | ત્રિરંગો | મણિલાલ એમ. શ્રીમાળી | ૧૧ | ૭ |
| ૪. | મૂર્તિ | ડૉ. આઈ. કે. વીજળીવાળા | ૧૪ | ૮ |
| ★ | **ભાષિક સમજ** | | ૧૮ | ૬ |
| ૫. | ખમ્મા વીરાને ! | ન્હાનાલાલ | ૧૯ | ૭ |
| ૬. | સુગંધ કચ્છની | દર્શના ધોળકીયા | ૨૨ | ૮ |
| ૭. | તરુવર | કિશોરલાલ મશરૂવાળા | ૨૭ | ૭ |
| ૮. | વિટામીન ઝિંદાબાદ | મગનલાલ ગંધા | ૩૧ | ૮ |
| ★ | **ઉપક્રમ** | | ૩૮ | ૬ |
| ★ | **ભાષિક સમજ** | | ૩૮ | ૩ |
| ★ | **કવિ-લેખક પરિચય** | | ૪૦ | ૨ |


શિક્ષકમિત્રો,

આ પાઠ્યપુસ્તકમાં પ્રત્યેક કૃતિના અધ્યાપન માટે અનુક્રમણિકામાં પિરિયડ ફાળવાનો નૂતન અભિગમ આવકારશો તેવી અપેક્ષા છે.

અહીં ફાળવેલા પિરિયડ માર્ગદર્શન માટે છે. તમે તમારા સંજોગો પ્રમાણે વધઘટ કરી શકો છો. પ્રત્યેક કૃતિના અધ્યયનને પર્યાપ્ત પિરિયડ આપવાનો આગ્રહ રાખવો.

'હું વાંચું............તમે પણ વાંચો' માટે પણ પિરિયડ ફાળવવા આવશ્યક છે.